सत्यमेव जयते

| GJJM090004542024 | કેસ દાખલ તા.: ૨૪/૦૭/૨૦૨૪ |
| --- | --- |
| | કેસ નોંધ્યા તા.: ૨૪/૦૭/૨૦૨૪ |
| | ઠરાવ જાહેર તા.: ૨૦/૦૪/૨૦૨૬ |
| | અવધિ:૦૧ વર્ષ,૦૮ માસ,૨૭ દીવસ |

**<u>જોડીયાના મહેરબાન જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા</u>**

**આંક–**

**ફરીયાદી......** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપી......** (૧) સદામહુશેન હનીફભાઇ નુત્યાર
ઉ.વ.–૨૫, ધંધો–મજુરી
રહે. મોટો વાસ, કબ્રસ્તાનવાળી શેરી, જોડીયા,
તા.જોડીયા, જિ.જામનગર
(૨) શાબુદ્દિનભાઇ સુલતાનભાઇ નોતીયાર
ઉ.વ.–૩૨, ધંધો–મજુરી
રહે. મોટો વાસ, ગધીપાડો, જોડીયા,
તા.જોડીયા, જિ.જામનગર

**ગુનો:–** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબ

| | |
|---|---|
| ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીઃ | શ્રી એન.કે.પરમાર |
| બચાવપક્ષ તરફે વિ. વકિલશ્રીઃ | શ્રી જે.જે.પરમાર |

## –:: ચુકાદો ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, તારીખ ૧૩/૦૩/૨૦૨૪ના રોજ ક.૨૧/૪૫ વાગ્યાની આસપાસ ફરીયાદીનો ભત્રીજો જબારભાઇની દુકાને હાજર હતો ત્યારે આ કામના આરોપીઓ તેની સાથે બોલાચાલી કરતા હોય જેથી ફરીયાદી ત્યાં જતા ફરીયાદી સાથે બોલાચાલી કરી જેમફાવે તેમ ભુંડા બોલી ગાળો આપી તથા આરોપી નંબર–૧ નાઓએ ફરીયાદીને બે ઝાપટ મારી પાઇપ લઇ મારવા દોડેલ હોય અને મારી વાત નહી માનો તો જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ. જે બાબતે જોડીયા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ ફરીયાદ આપતા તે એ પાર્ટ ગુના રજી. નં. ૧૧૨૦૨૦૨૫૨૪૦૦૫૪/૨૦૨૪ થી નોંધી તપાસ કરનાર અમલદારે આ ગુનાની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, આરોપીઓ સામે પુરતો પુરાવો જણાઇ આવતા આરોપીઓ વિરૂદ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલુ.

(૨) આ કામે આરોપીઓને પ્રોસેસની બજવણી થતા, આરોપીઓ અદાલત સમક્ષ હાજર થયેલ હોય, આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલ. આરોપીઓ સામે આંક–૩ એ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તેઓની સામે ફરમાવેલ તહોમત અંગે આરોપીઓની આંક–૪ તથા આંક–૫

થી પ્લી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ, જેથી આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

**–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી શબીરભાઈ હાસમભાઈ સમેજાની જુબાની | ૧૩ |
| ૨ | ફરીયાદ અસલ | ૧૪ |
| ૩ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું | ૧૫ |
| ૪ | બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું | ૧૬ |
| ૫ | પંચ સાહેદ મહેશભાઈ દેવજીભાઈ ગોહીલની જુબાની | ૨૧ |
| ૬ | પંચ સાહેદ સકીલભાઈ મુસાભાઈ છરેચાની જુબાની | ૨૪ |
| ૭ | પંચ સાહેદ ગફારભાઈ સતારભાઈ રાણાણીની જુબાની | ૨૫ |

**(૪)** ત્યારબાદ ફરિયાદપક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ પર ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધેલ નથી.

**(૫)** ત્યાર બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.

**(૬)** ઉપરોક્ત હકિકતો તેમજ રજુ થયેલ પુરાવો તથા કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ ::–**

| | |
|---|---|
| **(૧)** | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, તારીખ ૧૩/૦૩/૨૦૨૪ના રોજ ક.૨૧/૪૫ વાગ્યાની આસપાસ ફરીયાદીનો ભત્રીજો જબારભાઇની દુકાને હાજર હતો ત્યારે આ કામના આરોપીઓ તેની સાથે બોલાચાલી કરતા હોય જેથી ફરીયાદી ત્યાં જતા ફરીયાદી સાથે બોલાચાલી કરી જેમફાવે તેમ ભુંડા બોલી ગાળો આપી તથા આરોપી નંબર–૧ નાઓએ ફરીયાદીને બે ઝાપટ મારી પાઇપ લઇ મારવા દોડેલ હોય અને મારી વાત નહી માનો તો જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ? |
| **(૨)** | શું હુકમ ? |

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| **(૧)** | નકારમાં. |
| **(૨)** | આખરી હુકમ મુજબ. |

**–:: કારણો ::–**

**(૮) મુદ્દા નંબર ૧ ::–**

ફરિયાદપક્ષે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર તે મુજબનો ગુન્હો શંકા રહિત પુરવાર કરવો જોઇએ. બચાવપક્ષે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઇએ અને જો કોઇ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઇએ. જો આવા કોઇ વિશેષ પુરાવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે તેવુ માની શકાય નહી. પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઇએ તેવુ કાયદાનું ધોરણ છે.

**(૮.૨)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૯ થી ફરીયાદી મચ્છાભાઇ મૈયાભાઇ ઝાપડાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી એક વર્ષ પહેલા ભાદરા ગામની સીમ વિસ્તારમાં ઉંડ નદીમાં રેતીની લીઝ રમીલાબેન રમેશભાઇએ લીધી હતી, તેમાં તેઓ રખેવાળ તરીકે હતા તે દરમ્યાન એક અજાણ્યા ઇસમ ગાડી લઇને આવેલ અને તેઓની જોડે રેતીની લીઝ બાબતે અજાણ્યા ઇસમ જોડે બોલાચાલી થયેલી આનાથી વિશેષ બીજુ કાંઇ બનેલ નથી. તેઓએ ઉશ્કેરાઇ જઇને આ અજાણ્યા ઇસમ વિરૂદ્ધ જોડીયા પો.સ્ટે. માં ફરીયાદ આપેલ. ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ તેઓ દ્વારા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોઇ સદર ફરીયાદીને ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકિકત સ્વિકારેલ છે કે, તેઓએ પોતાની ફરીયાદ સાથે તેઓ લીઝવાળી જગ્યાએ પગારદાર હોય તેવો કોઇ આધાર રજુ કરેલ નથી, કહેવાતી લીઝ હોય તેવો કોઇ આધાર તેઓએ ફરીયાદ સાથે રજુ રાખેલ નથી, તેઓ સહેલાઇથી

જેવુ જીવન જીવતા હતા તેવુ જ હાલના તબક્કે જીવન જીવે છે. આ સિવાયની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસમાં પુછવામાં આવેલ હકિકતોનો સદર સાહેદે ઈન્કાર કરેલ છે.

**(૮.૧)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૩ થી ફરીયાદી શબીરભાઇ હાસમભાઇ સમેજાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજથી પંદરેક મહીના પહેલા બજારમાં આવેલ દુકાને સાંજના સાત આઠ વાગ્યાની આસપાસ તેઓને અને આ કામના આરોપીઓને અગાઉના લેતી દેતી બાબતે સામાન્ય બોલાચાલી થયેલી તેમા બુમા બુમ થતા આજુબાજુના માણસો ભેગા થઇ ગયેલા જેથી આ ભેગા થયેલા માણસોમાંથી કોણ શું બોલતો હતો તે તેઓ સ્પષ્ટ કહી શકે નહી. જેથી અગાઉનુ મનદુખ બોઇ તેઓએ ઉશ્કેરાઇ જઇને આ કામના આરોપીઓ વિરૂદ્ધ જોડીયા પો.સ્ટે. માં ફરીયાદ આપેલ. ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ તેઓ દ્વારા ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ ન હોઈ સદર ફરીયાદીને ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

**(૮.૨)** સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૫ વાળા અટક પંચનામાના પંચ સાહેદ મહેશભાઈ દેવજીભાઈ ગોહીલનાઓને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે તથા આંક–૧૬ વાળા બનાવવાળી સ્થાનિક જગ્યાના પંચ સાહેદ સકીલભાઈ મુસાભાઈ છરેચાનાઓને આંક–૨૪ થી તથા પંચ સાહેદ ગફારભાઈ સતારભાઈ રાણાણીનાઓને આંક–૨૫ થી તપાસવામાં આવેલ છે. જે પંચ સાહેદોએ પોતાની પંચનામામાં સહીઓ ઓળખી બતાવે છે. એ સિવાયની પંચનામાની કોઈ હકિકત તેઓ જાણતા નથી. તેઓ દ્વારા ફરીયાદપક્ષના કેસને

સમર્થનકારી પુરાવો આપેલ ન હોઇ સદર પંચ સાહેદોને ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો મળી શકેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

(૯) ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી વિરૂદ્ધ જે આક્ષેપ છે તે બાબતે કાયદાકિય જોગવાઇ જોવામાં આવે તો,

**ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩ – સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા માટે શિક્ષાઃ–**

જે કોઇ વ્યક્તિ, કલમ ૩૩૪માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય, સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે, તેને એક વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ – સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબત :–**

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યક્તિ, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યક્તિનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬ઃ– ગુનાહિત ધમકી માટેની શિક્ષા :–**

જે કોઈ વ્યક્તિ, ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરેની કરવાની હોય તો અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા મોતની આજીવન કેદની અથવા સાત વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્ર્યહિનતાનું આળ મૂકવાનું હોય, તો તેને સાત વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ ૧૧૪ - ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરીઃ-**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણાના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઇ વ્યક્તિ શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

**(૧૦)** ફરીયાદપક્ષ દ્વારા રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો, આ કામે ગુનાવાળી સ્થાનિક જગ્યાનાં પંચનામાના તથા આરોપીની અટક અંગેનાં પંચનામાના પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે જેઓએ સદર પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી સદર પંચનામાઓની કોઇ હકિકત પુરવાર થતી ન હોઇ આંક–૧૫ વાળુ અટક પંચનામું તથા આંક–૧૬ વાળુ સ્થાનિક જગ્યાનું પંચનામું સાબિત થતુ નથી.

આ કામે ફરીયાદીને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે. જેઓ પોતાની જુબાનીમાં બનાવમાં આરોપીઓ સાથે ફક્ત બોલાચાલી થયેલ હોવાની અને અગાઉનું મનદુખ હોઇ ઉશ્કેરાટમાં આવી આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદ કરેલ હોવાનું જણાવે છે. તેઓ ફરીયાદને સમર્થનકારી પુરાવો આપતા ન હોઇ ફરીયાદપક્ષ દ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. ફરીયાદી દ્વારા હાલના કામના આરોપી દ્વારા માર મારવામાં આવેલ હોય કે કોઇ ગાળો આપેલ હોઇ કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોઇ તેવી કોઇ હકિકત જણાવેલ નથી.

ફરીયાદપક્ષ દ્વારા આ સિવાય અન્ય કોઇ સાહેદોનો પુરાવો રજુ થયેલ નથી. સદર કામે આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો કોઇપણ પુરાવો રજુ થયેલ નથી. આ કામના પંચનામાઓ પુરવાર કરવામાં પણ ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે છે. જે બોજાનું વહન કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આરોપી વિરૂદ્ધ શંકા રહિત પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે. પરંતુ આ કામે ખુદ ફરીયાદી જ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોઇ તથા અન્ય કોઇ સાહેદોનો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોઇ આરોપીઓને તક્સીરવાન ઠરાવી શકાય નહી.

આમ, રેકર્ડ પર આવેલ પુરાવા પરથી આરોપી સામેના તહોમતનામા મુજબના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષ આરોપી વિરૂદ્ધના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો કર્યાની હકિકતને સાબિત કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નંબર–૧નો ઉત્તર નકારમાં ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## **–:: આખરી હુકમ ::–**

**૧.** આ કામના આરોપી નંબર (૧) સદામહુશેન હનીફભાઇ નુત્યાર રહે. મોટો વાસ, કબ્રસ્તાનવાળી શેરી, જોડીયા, તા.જોડીયા, જિ.જામનગર તથા (૨) શાબુદ્દિનભાઇ સુલતાનભાઇ નોતીયાર રહે. મોટો વાસ, ગધીપાડો, જોડીયા, તા.જોડીયા, જિ.જામનગરવાળાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીઓની હાજરી સહેલાઇથી મળી રહે તે સારુ આરોપીઓએ રૂ.૫૦૦૦/–ના જાત જામીન તથા મુચરકા રજુ કરવા તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

આ હુકમ આજ તારીખ ૨૦ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા

તારીખ: ૨૦/૦૪/૨૦૨૬.

**(કુ.એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01523

બી.કે.બળદા, ગુજ.સ્ટેનો.ગ્રેડ–૩